ફરિયાદ દાખલ તારીખ:૨૬/૦૭/૧૮
રજીસ્ટર કર્યા તારીખ :૨૬/૦૭/૧૮
નિકાલ કર્યા તારીખ : ૧૬/૦૩/૨૬
સમય અવધિ :વર્ષ–માસ–દિવસ

---

## મહેરબાન ગઢડાના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ગઢડા(સ્વા.)

---

ક્રિમી.કેસ.નંબર : ૭૭૩/૨૦૧૮
આંક :– ૫૨

**ફરિયાદી:–** લક્ષ્મણભાઈ જેરામભાઈ માંડાણી
ઉ.વ. ૬૪, ધર્મે : હિન્દુ, ધંધો.નિવૃતિ,
રહે. ગઢડા (સ્વા), ઠે. ટાઉન હોલ પાસે, બોટાદ રોડ,
તા.ગઢડા,જી.બોટાદ

**–: વિરૂધ્ધ :–**

**આરોપી:–** વિનુભાઈ ઓધવજીભાઈ ભીંસરા,
ઉ.વ. ૬૦, ધર્મે.હિન્દુ : હિન્દુ, ધંધો : લેબર કોન્ટ્રાકટર વિ.
રહે. ગુંદાળા, તા.ગઢડા,જી.બોટાદ

**પ્રતિનિધિત્વ:–**
ફરીયાદી તરફે: વિ.વકિલશ્રી વી.એમ.ખાચર
આરોપી તરફે: વિ.વકિલશ્રી વી.કે. સોઢાતર

---

**ગુનો :– નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ...**

---

**–:: ચુ કા દો ::–**

(૧) આ કામના ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરીયાદી નિવૃત જીવન વિતાવે છે અને આ કામના આરોપી ગઢડા તાલુકાના મોજે ગુંદાળા ગામ મુકામે તેમજ સુરત વિ. જગ્યાએ રહી લેબર કોન્ટ્રાકટર વિ.નો ધંધો કરે છે. ફરીયાદી ગઢડા મુકામે રહેતા હોઈ તેમજ ફરીયાદી ના ભાઈ શ્રી ભુપતભાઈ જેરામભાઈ માંડાણી ગઢડા મુકામે રહી મંડપ સર્વિસ તથા કેટર્સ વિ. ધંધો

કરતા હોય જેથી આ કામના સામાવાળા અવાર–નવાર તેઓના કામકાજ અર્થે તેઓ પાસે આવતા હોય તે રીતે ઘણા વર્ષોથી ઓળખતા હોય,આરોપી ફરીયાદી પાસેથી આશરે છ માસ અગાઉ તેઓના ધંધાર્થે નાણાકીય રકમની જરૂરીયાત ઉભી થતા મિત્રતા અને સંબંધની રૂએ રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા હાથ ઉછીના તરીકે આશરે દોઢ માસના સમયગાળા માટે માંગણી કરતા ફરીયાદી ધ્વારા આ કામના આરોપીને માહે–ડિસેમ્બર–૨૦૧૭ માં તેઓની માંગણી મુજબ રૂા. ૪,૦૦,૦૦૦/– હાથ ઉછીના તરીકે આપેલા.આ નાણા ફરીયાદીએ પરત માંગતા આરોપી એ તેઓના એકસીસ બેન્ક લી.મોટા વરાછા સુરત શાખાનો ચેકનં. ૦૫૦૯૮૯ તા. ૦૫/૦૫/૧૮ રૂા.૨,૦૦,૦૦૦/–નો તથા એકસીસ બેન્ક લી. મોટા વરાછા સુરત શાખાનો ચેકનં. ૦૫૦૯૯૨ પાકતી તા.૧૩/૦૫/૧૮ રૂા.૨,૦૦,૦૦૦/–નો એમ કુલ– ૨ ચેકો ફરીયાદીના નામ જોગ તેઓની હાજરીમાં સહી કરીને આપેલો જે ચેક પૈકી બીજો ચેકનં. ૦૫૦૯૯૨ તા.૧ ૩/૦૫/૧૮ રૂા.૨,૦૦,૦૦૦/– વાળો ચેક વસુલાત માટે ફરીયાદી દવારા તેઓના એકસીસ બેંક બોટાદ શાખામાં વસુલાત માટે તા.૨૮/૦૫/૧૮ ના રોજ રજુ કરતા સદર ચેક તા.૦૬/૦૬/૧ ૮ ના રોજ'' જમા રકમ અપુરતી છે''ના શેરા સાથે વણ ચુકવાયેલ પરત ફરેલ,આમ આરોપીને તેઓના ખાતામાં પુરતી રકમ નહી હોવાની જાણ હોવા છતાં ચેક આપેલ છે જેથી ફરીયાદી દવારા આરોપીને વકીલશ્રી મારફતે તા.૨૯/૦૬/૧૮ ના રોજ નોટીસ આપેલ હતી જે નોટીસ તા.૩૦/૦૬/૧૮ ના રોજ આરોપીને મળી ગયેલ હોવા છતા નિયત સમયમાં ચેકની રકમ ભરપાઈ કરેલ ના હોય આરોપી દવારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોય હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદર ફરીયાદ ફરીયાદીએ રજુ કરતાં ફરીયાદ રજીસ્ટરે લેવામાં આવેલ અને આરોપી સામે પ્રોસેસ કાઢ વાનો હુકમ કરવામાં આવેલ પરંતું આ કામના આરોપીને વારંવાર સમન્સ ઈસ્યું કરવા છતા આરોપી મળી આવેલ નહી બાદમાં તેઓને બેલેબલ વોરંટ તથા પકડ વોરંટ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ફરીયાદ તથા ફરીયાદ સાથે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો આપવામાં આવે છે,બાદ આરોપીની આંક–૨૮ થી પ્લી નોઘવામાં આવેલી છે જેમાં આરોપી દવારા ગુન્હાની કબુલાતનો ઈનકાર કરતા આરોપી સામેના કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના ફરીયાદી તરફે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **અનું નં...** | **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદી લક્ષ્મણભાઈ જેરામભાઈ માંડાણીની– સોગંદનામા પરની સરતપાસની જુબાની. | ૦૫ |

| **અનું નં...** | **દસ્તાવેજી પુરાવો...** | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદીના ઓળખપત્રની નકલ. | ૩૦ |
| (૨) | આરોપીએ આપેલ અસલ ચેક નં. ૦૫૦૯૯૨. | ૩૧ |
| (૩) | રીટર્ન મેમો. | ૩૨ |
| (૪) | આરોપીને આપેલ નોટીસની ઓફીસ કોપી. | ૩૩ |
| (૫) | નોટીસ બજયા અંગેની આર.પી.એડી.ની અસલ પહોંચ | ૩૪ |
| (૬) | લીગલ નોટીસ પરત ફર્યા અંગેનું રજી. પોસ્ટનું અસલ– પરબીડીયુ. | ૩૫ |
| (૭) | ફરીયાદીના બેંક એકાઉન્ટ અંગેની બેંકની પાસબુક– ની કમ્પેર કોપી. | ૩૯ |

(૪) બાદ આ કામે ફરીયાદી તર્ફે આંક–૪૦ થી વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા નથી તેવું પુરસીસથી જાહેર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) બાદ ફરીયાદી નો પુરાવો પુરો થયા બાદ સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેઓએ વિશેષ નિવેદનમાં જણાવે છે કે,આ કામના ફરીયાદી સાથે અમોને કોઈપણ પ્રકારની લેવડદેવડ નથી કે ચેક પણ આપેલ નથી નિર્દોષ છીએ છોડી મુકવા અરજ કરેલ છે તેમજ આરોપી તરફે બચાવમાં સાહેદ તપાસવા માગતા હોવાની તથા સોગંદ ઉપર જુબાની આપવા માગતા હોવાની હકીકત જાહેર કરેલ છે.

(૬) આ કામના આરોપી દવારા તેઓ બચાવમાં સાહેદ તપાસવા માગતા હોવાનુ,દસ્તાવેજો રજુ કરવા માગતા હોવાનું તેમજ જુબાની આપવા માગતા હોવાનું જાહેર કરેલ હોય જેથી કામ તેઓના પુરાાવ માટે રાખવામાં આવેલ હતું જેમાં તેઓ તરફે આંક–૪૨ ના લીસ્ટથી દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે પરંતું હાજર રહીને પોતાનો પુરાવો આપેલ ના હોય કોઈ સાહેદને તપાસેલ ના હોય તેઓના વકીલશ્રી તરફે પુરાવો રજુ કરવા માટે મુદત અરજી આપતા આ કેસ ખુબ જુનો ટારગેટેડ કેસ હોય આવા કારણોસર સદર અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ હોય અને આ હુકમને આરોપી તરફે પડકારવામાં આવેલ ના હોય તેઓ તરફે આ કામે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૭) આ કામના ફરીયાદીના વિ.વ.શ્રી તરફે મૌખીક દલીલ કરેલ છે કે,આ કામના આરોપી સાથે ફરીયાદીના ભાઈ સાથે સંબંધ હોય તેઓને ફરીયાદી ઘણા વર્ષોથી ઓળખતા હતા. બાદ આરોપીને નાણાની જરૂર પડતા તેઓ ધ્વારા ફરીયાદી પાસેથી ડિસેમ્બર ૨૦૧૭માં રૂા. ૪,૦૦,૦૦૦ /– ની માગણી કરેલ જેથી આ રકમ ફરીયાદીએ આરોપીને હાથ ઉછીની આપેલ હતી જેની માંગણી કરતા આરોપી ધ્વારા તા.૦૫/૦૫/૧૮ના રોજ રુપીયા બે લાખનો એક એવા બે ચેક આપેલ હતા જે પૈકી ચેક નં.૦૫૦૯૯૨ ફરીયાદીની બેંકમાં નાખતા સદર ચેક જમા રકમ અપુરતી હોવાના કારણે વણચુકવાયેલ પરત ફરેલ જેથી આરોપીએ નેગો.એકટ મુજબની વકીલશ્રી મારફતે નોટીસ આપવામાં આવેલ જે નોટીસની તેઓને બજવણી થવા છતા તેઓ ધ્વારા નિયત સમયમાં ચેકના નાણા ચુકવેલ ન હોય હાલની ફરીયાદ કરેલ છે જેમા ફરીયાદી ધ્વારા તેઓની ફરીયાદ ધ્વારા સમર્થનકારી પુરાવો આપેલ છે. વધુમાં આ કામના આરોપી ધ્વારા ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી અને ઉલટ તપાસમાં ફરીયાદવાળા ચેક તેઓએ ભાર્ગવભાઈને આપેલ હોવાનુ અને તેનો દુરઉપયોગ ફરીયાદીએ કરેલ હોવાના પ્રશ્નો પુછેલ છે પરંતું ફરીયાદી ધ્વારા તેનો ઈનકાર કરેલ છે. વધુમાં ફરીયાદીએ આપેલ નોટીસ આરોપીના માતાને બજેલ છે જે હકીકત અદાલત ધ્વારા કાઢવામાં આવેલ સમન્સના શેરાના આધારે પણ રેકર્ડ પર આવેલ છે.વધુમાં નેગો.એકટની કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબ જે અનુંમાનો ફરીયાદીની તરફેણમાં ઉપસ્થિત થાય છે તેની વિરુધ્ધમાં આરોપી તરફે કોઈ પુરાવો આપેલ નથી તેમજ જો તેઓના બચાવ મુજબ ચેક ભાર્ગવભાઈને આપેલ હતા તો તેઓએ બચાવમાં ભાર્ગવભાઈને તપાસેલ નથી તેવા સંજોગોમાં આવો બચાવ ગ્રાહ્ય રાખી શકાય નહી અને આ કામના ફરીયાદી ધ્વારા નેગો. એકટની જોગવાઈઓ મુજબ આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોય આરોપી ને મહત્તમ સજા કરવા તથા ફરીયાદીને ચેકની રકમનુ વળતર ચુકવી આપવા હુકમ કરવા અરજ કરેલ છે અને તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(1) BIR SINGH VS.MUKESH KUMAR - 2019(0)AIJEL-SC 63577
(2) RANGAPPA VS.SRI MOHAN - 2010(0)AIJEL-SC 48349

આ કામના આરોપી તરફે તેઓના વિ.વ.શ્રી ધ્વારા દલીલ કરેલ છે કે, તેઓ આ કામના ફરીયાદીને ઓળખતા નથી કે તેમની સાથે કોઈ પૈસાની લેતીદેતીનો વ્યવહાર કરેલ નથી.ખરી હકીકતે તેઓ ભાર્ગવભાઈ કે જેઓ પેટસન કંપનીના પ્રોપરાઈટર હતા અને તેઓના બાકી બીલ પેટે આરોપીએ તેઓને ચેક આપેલ હતો જે હકીકત પુરવાર કરવા માટે આરોપી ધ્વારા આંક–૪૨ ના લીસ્ટથી બીલની નકલો રજુ કરેલ છે. વધુમાં, આટલી મોટી રકમ આપેલ હોય તેમ છતાં ફરીયાદી

ધ્વારા આરોપી પાસેથી કોઈ પ્રોમીસરી નોટ કે લખાણ લેવામાં ન આવે તે હકીકત ગ્રાહય રાખી શકાય તેમ નથી તેમજ આરોપીને ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ નોટીસની બજવણી થયેલ નથી અને નેગો.એકટ મુજબ આવી નોટીસ જો આરોપીને બજેલ ન હોય તો આવી ફરીયાદ ચાલવાપાત્ર થાય નહી.વધુમાં ફરીયાદીની ઉલટ તપાસ દરમીયાન પણ ચેકમાં સહી અક્ષરો લખાણ,તારીખ વિગેરે બાબતે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે જે તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદી તથા આરોપીને કોઈ નાણાકીય વ્યવહાર થયેલ ન હોય અને આરોપી ધ્વારા ફરીયાદીને કોઈ ચેક લેણા પેટે આપેલ ન હોય ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દા ::-**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી ધ્વારા કાયદેસરના લેણા પેટે ફરીયાદીને એકસીસ બેન્ક લી.મોટા વરાછા,સુરત શાખાનો ચેક નં.૦૫૦૯૯૨ નો કિ.રૂા.૨,૦૦,૦૦૦/-નો તા.૧૩/૦૫/૧૮ ના રોજનો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના એકસીસ બેન્ક ગઢડા શાખામાં વસુલાત માટે તા.૨૮/૦૫/૧૮ ના રોજ રજુ કરતા સદર ચેક તા.૦૬/૦૬/૧૮ ના રોજ જમા રકમ અપુરતી હોવાના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની નોટીસ આપેલ જે નોટીસ આરોપી ને તા.૩૦/૦૬/૧૮ ના રોજ મળી ગયેલ હોય તેમ છતા આરોપી એ ચેકની રકમ ચુકવેલ ન હોય આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો ગુનો કરેલ છે. ?

(૨) શું હુકમ ?

(૯)ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

**-:: નિ ર્ણ ય ::-**

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦)ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

(૧૧)મુદ્દા નંબર-૧ અને ર..

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા રજુ કરેલ છે તેની ચર્ચા કરતા પહેલા ચેક અંગે જોઈએ તો ચેક એ ચોકકસ બેંકરને કરેલ હુકમ છે કે,વ્યકિતનું ખાતુ જે બેંકમા હોય તે બેંક ને પોતાના ખાતામાંથી અમુક ચોકકસ રકમ ચોકકસ વ્યકિત ને કે પોતાને ચુકવવાનો નિર્દેશ કરતો હુકમ છે,બેંકર ( જેમની પાસે ડ્રોઅરનું ખાતુ હોય તે બેંકર ) ને જયાં સુધી ચેક નકારવાનું કોઈ કારણ ના હોય ત્યાં સુધી તેમણે ચેકની ચુકવણી કરવી પડે.આ બાબતે વધુ ચર્ચા કરતા પહેલા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે મુજબ,જયારે કોઈ વ્યકતી,

> સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે,અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નીભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક એ ચેક પરત કરે કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ કરતા વધુ છે ત્યારે આવી વ્યકિતએ ગુનો કર્યાનું ગણાશે અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ના આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે"..

પરંતુ એમ ઠરાવવામાં આવ્યુ છે કે, -

- જે તારીખે ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બંન્નેમાંથી જે વહેલી આવતી હોય, તેટલી મુદતની અંદર ચેક બેન્કમાં રજુ કરવામાં આવેલો હોય,
- પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતિ મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને લેખિત માં નોટીસ આપીને નાણાંની સદરહું રકમની ચૂકવણી કરવા માટે માંગણી કરી હોય અને,
- તેવી નોટીસ મળ્યાના ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સામાં ચેકના ધારકને સદરહું નાણાંની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય.

સ્પષ્ટીકરણ :-

આ કલમના હેતુ માટે “દેવું અથવા અન્ય જવાબદારી”એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આ કામે ફરીયાદીએ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવા આરોપીએ રકમ ચુકવવા માટે તેઓના ખાતાનો ચેક આપેલાની હકીકત પુરવાર કરવી પડે અને જો ફરીયાદી આ હકીકત પુરવાર કરે તો ફરીયાદીની તરફેણમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબનું અનુંમાન એટલે કે,અવેજ,તારીખ,સ્વીકારવાનો સમય,તબદીલી નો સમય,શેરાઓના ક્રમ,ગુમ થયેલ વિનિયમપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવાનું ઉપસ્થીત થાય અને જેની વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી પર છે,તેવીજ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતાં તેમાં પણ''જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુંમાન કરવામાં આવશે કે,ચેકના ધારકે એકટની કલમ–૧૩૮ માં જણાવેલ ચેક,કોઈ દેવું અથવા અન્ય જવાબદારી ને પુરેપુરી રીતે અથવા અંશત:ડીસ્ચાર્જ કરવા માટે મેળવ્યો હતો.''આમ વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુંમાન કરવામા આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મા દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે અને આવો વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ હતો તેવું અનુંમાન કરવામાં આવશે આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચુકવાયેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર પર રહે છે,આમ એકટની કલમ–૧૧૮(એ) અને કલમ–૧૩૯ના અનુંમાનો એ કાયદાના અને ચોકકસ અનુંમાનો છે અને આરોપી તરફથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી તે ખંડીત થતા નથી.આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા એ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,આરોપીએ આવો વિરૂધ્ધનો શંકાથી પર ચુસ્ત પુરાવો આપવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં  પણ આવવાની જરૂર રહેતી નથી એટલે કે અનુંમાનનું ખંડન આરોપી ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલો છે તેના ધ્વારા પણ તે કરી શકે છે અને આરોપી ધ્વારા માત્ર શંકા ઉત્પન્ન કરતો કે શકય પુરાવો આપવો જ જરૂરી છે.

(૧૨)આ હકીકત સાથે ફરીયાદીએ રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા આ કામે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આરોપી તથા ફરીયાદીના ભાઈ મંડપ સર્વિસ તથા કેટર્સ નો ધંધો કરતા હોય અને આરોપી તેઓના

ભાઈ પાસે અવાર નવાર આવતા હોય તેઓની સાથે ઓળખાણ થયેલ હતી અને આરોપીને નાણાની જરૂરીયાત ઉપસ્થીત થતા ફરીયાદી પાસેથી રૂા. ૪ લાખ હાથ ઉછીના દોઢ માસ માટે માગણી કરેલ જેથી ફરીયાદીએ ડીસેમ્બર.૨૦૧૭ માં રૂા. ૪ લાખ તેઓને આપેલા અને પરત નાણાાની માંગણી કરતા આરોપી દવારા ફરીયાદીને બે ચેક રૂા. બે બે લાખના આપેલ હતા જે પૈકી ફરીયાદી દવારા ચેક નં.૦૫૦૯૯૨ તા.૨૮/૦૫/૧૮ ના રોજ તેઓની એકસીસ બેન્ક ગઢડા શાખામાં વસુલાત માટે નાખતા સદર ચેક તા.૦૬/૦૬/૧૮ ના રોજ જમા રકમ અપુરતી હોવાના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જેથી ફરીયાદીએ તેઓના વકીલશ્રી મારફતે આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની નોટીસ આપેલ જે નોટીસ આરોપી ને તા.૩૦/૦૬/૧૮ ના રોજ મળી ગયેલ હોય તેમ છતા આરોપીએ ચેકની રકમ ચુકવેલ ન હોય હાલની ફરીયાદ કરેલ હોવાનું જણાવેલ છે કે,આ બાબત પુરવાર કરવા ફરીયાદી તરફે આંક-૦૫ થી પોતાની સરતપાસની જુબાની આપેલ છે તેમાં પણ આ કામના આરોપીને તેઓના પાસેથી રૂા. ૪ લાખ હાથ ઉછીના લીધેલ તે પેટે બે બે લાખના બે ચેક આપેલ હોવાનો તે પૈકી ચેક નં.૦૫૦૯૯૨ બેન્કમાં વસુલાત માટે નાખતા અપુરતા ભંડોળ ને કારણે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનો સમર્થનકારી મૌખીક પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી દવારા આ કામે દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ છે જેમાં આ કામે આંક-૩૧ થી ચેકનં.૦૫૦૯૯૨ રજુ થયેલ છે જેની તા.૧૩/૦૫/૧૮ ના રોજથી છે જે ચેક ફરીયાદી દવારા તા.૨૮/૦૫/૧૮ ના રોજ તેઓના બેન્કના ખાતામાં નાખતા સદર ચેક તા.૦૬/૦૬/૧૮ ના રોજ જમા રકમ અપુરતી હોવાના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ જે રીર્ટન મેમો આ કામે આંક-૩૨ થી રજુ થયેલ છે જેથી ફરીયાદી દવારા નિયત સમયમાં તા.૨૯/૦૬/૧૮ ના રોજ આરોપીને ચેકના નાણા ચુકવી આપવા માટે વકીલશ્રી મારફતે નોટીસ આપેલ હતી આ નોટીસ આ કામે આંક-૩૩ થી રજુ છે સદર નોટીસ આરોપીને તા.૩૦/૦૬/૧૮ ના રોજ મળી ગયેલ હતી જે નોટીસ આરોપીના સરનામા ઉપર તેઓની માતાને મળ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક-૩૪ થી રજુ કરેલ છે તેમ છતા નોટીસ સમયમાં આરોપી દવારા ચેકના નાણા નહી ચુકવેલ હોય હાલની ફરીયાદ કરેલ છે.આમ ફરીયાદીની જુબાની તથા સમર્થનમાં રજુ કરેલ દસ્તાવેજોને આધારે આ કામના આરોપી દવારા ફરીયાદીને આપેલ ચેક અપુરતા ભંડોળના શેરા સાથે વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે.આમ ઉપરોકત પુરાવો ધ્યાનમાં લેતા આ કામના આરોપી દવારા ફરીયાદીની પાસેથી લીધેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોવાનું તેમજ આ ચેક તેની સમયમર્યાદામાં વસુલાત માટે બેન્કમાં નાખેલ

જે ચેક જમા રકમ અપુરતી હોવાના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોવાનું તેમજ આ અંગેની જાણ ફરીયાદી દવારા આરોપીને નિયત સમયમાં નોટીસ આપી કરેલ હોવા છતા આરોપી દવારા નોટીસમાં જણાવેલ સમયમાં ચેકના નાણા ચુકવેલ ના હોય ફરીયાદી દવારા નિયત સમયમાં હાલની ફરીયાદી દાખલ કરેલ હોવાનું ફલીત થતુ હોય નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબના અનુંમાનો કે આ ચેકની વિગતો તથા ફરીયાદવાળો ચેક આરોપી દવારા તેઓના કાયદેસરના લેણા માટે આપેલ હતો હોવાની હકીકત ફરીયાદીની તરફેણમાં ઉપસ્થીત થાય છે અને હવે જેનો ખંડનાત્મક પુરાવો આપવાનો બોજો આરોપી પર આવે છે.

(૧૩)આ કામના આરોપી તરફે લેવામાં આવેલ પ્રથમ બચાવ ફરીયાદી દવારા આપેલ નોટીસ તેઓને નહી મળેલ હોવાનો છે અને આ કામે ફરીયાદી તરફે રજુ કરેલ એકનોલેજમેન્ટ સ્લિીપ જોતા તેમાં કાશીબેન ઓધવજીભાઈના અંગુઠાનું નિશાન કરવામાં આવેલ છે જે નોટીસ તેઓ દવારા આરોપી વતી સ્વીકારવામાં આવેલ છે તેમજ આ કામે અદાલત દવારા આરોપીને કરેલ સમન્સ પણ તેઓની માતા કાશીબેન દવારા સ્વીકારવામાં આવેલ છે તેમજ આ કામના આરોપી દવારા આ સરનામું તેઓનું નહી હોવાનો કોઈ વિરૂધ્ધનો પુરાવો આપેલ ના હોય નોટીસ તથા સમન્સ સ્વીકારનાર પણ તેઓની માતા હોય આરોપી તરફેની તેઓને નોટીસ નહી મળેલ હોવાની તકરાર પણ ગ્રાહય રાખવામાં આવતી નથી.વધુમાં આ કામના આરોપી તરફે ફરીયાદીની આર્થીક સક્ષમતા બાબતે કોઈ સ્પેસીફીક તકરાર કે બચાવ લીધેલ નથી તેમ છતા આ ચેકની રકમ જોતા તે મોટી રકમ જણાઈ આવે છે અને આ કામના ફરીયાદી દવારા આટલી મોટી રકમ રોકડમાં આપેલ એક સાથે આપેલ કે અલગ અલગ આપેલ તે બાબતે કોઈ સ્પસ્ટતા કરેલ નથી તેમ છતા આ કામના આરોપી તરફે પણ આટલી મોટી રકમ કેવી રીતે,કયારે,કોની હાજરીમાં ચુકવેલ,આટલી મોટી રકમ ફરીયાદી કયાંથી લાવેલ તે બાબત રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ પ્રશ્ન પુછવામાં આવેલ નથી તેમજ આરોપી તરફે આવી રકમ તેઓ દવારા નહી લીધેલાનો કે આવી રકમ પરત કરવા માટે તેઓ દવારા આ કામે રજુ થયેલ ચેક નહી આપેલ હોવાનો કે ચેક નાખેલ તે દિવસે તેઓ ખાતામાં ચેકની રકમ જેટલું બેલેન્સ હોવાનો કોઈ બચાવ નોટીસનો જવાબ આપી ઉપસ્થીત કરેલ નથી કે ફરીયાદીના બેન્ક ના સાહેદને પણ ફરીયાદીની આવી આવક પુરવાર કરવા માટે તપાસેલ નથી જયારે ફરીયાદી દવારા તેઓની ઉલટતપાસમાં તેઓ પીજીવીસીએલના નિવુત કર્મચારી હોવાનો ખુલાસો કરેલ છે તેવા સંજોગોમાં તેઓની પાસે આવી રૂા. ૪ લાખ જેટલી આવક સંભવીત રીતે હોવાનું ચોકકસથી માની શકાય તેમ છે.

(૧૪)આ કામના આરોપી તરફે આ કેસમાં મુખ્યત્વે બચાવ લેવામાં આવેલ છે કે,આ રોપી દવારા ફરીયાદી સાથે કોઈ સંબઘ નથી તેઓ દવારા ફરીયાદી પાસેથી કોઈ નાણા લીઘેલ નથી ખરી હકીકતે તેઓનો વ્યવહાર ફરીયાદીના ભત્રીજા ભાર્ગવભાઈ સાથે થયેલ હતો જેમાં તેઓ દવારા ઉઘાર માલીની ખરીદી કરેલ હોય તેની સીકયુરીટી પેટે ચેક આપેલ હતો જે ચેકનો ફરીયાદી દવારા દુરઉપયોગ કરેલ હોય આવા ચેકના આઘારે નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળનો ગુન્હો બનતો નથી,આ બચાવ પુરવાર કરવા માટે ફરીયાદીની ઉલટતપાસમાં પ્રશ્નો પુછેલ છે જેમાં ફરીયાદી દવારા ભાર્ગવભાઈ તેઓના ભત્રીજા થતા હોવાનોતેઓ પેટર્સન એઘેસીવનો ઘંઘો કરતા હોવાનો સ્વીકાર કરેલ છે આ સીવાય બીજી કોઈ બાબત રેકર્ડ ઉપર આવેલ નથી કે જેના આઘારે ફરીયાદવાળો ચેક આરોપી એ ભાર્ગવભાઈને આપેલ હોવાનું પુરવાર થયેલાનું માની શકાય તેમજ આ કામના આરોપી તરફે આ હકીકત પુરવાર કરવા માટે જાતે કોર્ટમાં જુબાની આપેલ નથી કે ભાર્ગવભાઈને સાહેદ તરીકે તપાસેલ નથી અને અગત્યની બાબત તો એ છે કે,આ કામના ફરીયાદી દવારા નોટીસ આપવામાં આવેલ હતી તે સમયે તેઓ દવારા આવો કોઈ ચેક ફરીયાદીને નહી આપેલ હોવાની કોઈ તકરાર નોટીસનો જવાબ આપીને કેમ લીઘેલ નથી તેનો કોઈ પણ વ્યાજબી ખુલાસો આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી, વઘુમાં હાલના કેસમાં આ કામના ફરીયાદી દવારા તેઓના પુરાવાના સોગંદનામામાં આરોપી દવારા તેઓની હાજરીમાં ચેકમાં સહી કરી આપીને ચેક તેઓને આપેલ હોવાનો મૌખીક પુરાવો આપેલ છે અને આ પુરાવા લગત આરોપી તરફે ચેકમાં ફરીયાદીની સહી હોવા બાબતે એક પણ પ્રશ્ન પુછેલ નથી કે કોઈ ઉલટતપાસ કરેલ નથી એટલે કે,આ પુરાવો ચેલેન્જ થયેલ ના હોય તેને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી,જેથી હાલના કેસમાં જયાં સુઘી આરોપી તરફે ફરીયાદવાળો આરોપીના ખાતાનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તે અંગેનો વ્યાજબી ખુલાસો રેકર્ડ ઉપર ના આવે ત્યા સુઘી આ ચેક આરોપી દવારા જ ફરીયાદી ને કાયદેસરના લેણા માટે આપેલ હોવાનું માનવાનું રહે છે તેવા સંજોગોમાં ચેકમાં કરવામાં આવે સહી આરોપીની નહી હોવાનો કોઈ વિરૂઘ્ઘનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય માત્ર ચેક ભાર્ગવભાઈને આપેલ હોવાના ફરીયાદીની ઉલટતપાસમાં પ્રશ્ન પુછવાથી કે દલીલ કરવાની તેઓની ઉપરથી વિરૂઘ્ઘની હકકીત પુરવાર કરવાનો બોજો હટી શકે નહી અને આવા કારણોસર આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર થતો હોવાની આરોપી તરફેની દલીલ તથા બચાવ ગ્રાહય રાખવામાં આવતો નથી.

(૧૫)આ કામના આરોપીને અદાલત દવારા તેઓના વઘારાના નીવેદનમાં પણ આ ચેક બાબતે પ્રશ્ન પુછવામાં આવેલ છે જેમાં તેઓ દવારા ચેક ખોટો હોવાનો જવાબ આપેલ છે પરંતું જો આરોપી દવારા

ફરીયાદીને ચેક આપવામાં આવેલ ના હતો તો ફરીયાદી પાસે આ ચેક કેવી રીતે આવેલ તે બાબતે આરોપી તરફે કોઈ સ્પસ્ટતા કરેલ નથી અને આવી સ્પસ્ટતા કરવાનો બોજો તેઓની ઉપર છે કારણ કે,નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ જયારે ફરીયાદી પાસે આ ચેક છે તો આવો ચેક તેઓની પાસે કાયદેસરના લેણા પેટેનો હોવાનું કાયદા મુજબનુ અનુંમાન ઉપસ્થીત થાય છે જો કે આરોપી દવારા ફરીયાદીએ ભાર્ગવભાઈ પાસેથી ખોટી રીતે ચેક મેળવી લઈ ખોટી સહી કરીને રજુ રાખેલ હોવાની તકરાર લીધેલ હોય તો આ હકકીત પુરવાર કરવાનો બોજો તેઓની ઉપર આવે છે જે માટે તેઓ દવારા કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદીની ઉલટતપાસમાં પણ એવી કોઈ બાબત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી કે જેના આધારે ફરીયાદીને રજુ કરેલ ચેક ફરીયાદી એ ભાર્ગવભાઈ પાસેથી મેળવીને ખોટી સહી કરીને રજુ કરેલ હોવાનું માની શકાય,અગાઉ કરેલ ચર્ચા મુજબ આ કામના ફરીયાદીએ તેઓને ચેકની રકમ ચુકવવા માટે ડીમાન્ડ નોટીસ આપેલ તેનો પણ તેઓએ જવાબ આપેલ નથી,આ નોટીસ બાબતે આરોપીને વધારાના નિવેદનમાં પ્રશ્ન પુછવામાં આવેલ છે જેમાં તેઓને આવી નોટીસ તથા એકનોલેમેન્ટ મળેલ હોવાનો ઈનકાર કરેલ છે પરંતું આવી વિરૂધ્ધની હકીકત પુરવાર કરેલ નથી,આમ આરોપીને નોટીસ મળ્યાના સમયથી જાણ હતી કે તેઓની સામે ફરીયાદી દવારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેમ છતા તેઓ દવારા આવી નોટીસનો જવાબ આપી નાણા નહી લીધેલ હોવાનું કે ચેકમાં તેઓની સહી નહી હોવાની કે ચેક ભાર્ગવભાઈ પાસેથી મેળવીને દુરઉપયોગ કરેલ હોવાની તકરાર લેવાની તક જતી કરેલ છે,આમ આ કામે આરોપીને ફરીયાદ દાખલ કરતા પહેલા ડીમાન્ડ નોટીસ પણ આપવામાં આવેલી છે અને આ કામની હાલની ફરીયાદ પણ કાયદા મુજબ સમયમર્યાદાની અંદર દાખલ કરેલ છે,આમ ફરીયાદી એ પોતાની જુબાની તથા રેકર્ડ પરના પુરાવાઓથી પોતાના કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનો આરોપી વિરૂધ્ધ લાગુ પડે છે તેવુ અત્રેની અદાલતને બતાવેલ છે,આમ આ કેસમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુંમાનો મુજબ હવે આરોપીએ સદર અનુંમાનોનું ખંડન કરવાનું રહે અને જયારે આ કામના આરોપીએ ફરીયાદીને ચેક આપેલો ના હોય કે ચેક આપેલ ત્યારે તેઓના ખાતામાં ચેકની રકમ જેટલા નાણા જમા હોય તેવો કોઈ બચાવ તેઓ દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેવા સંજોગોમાં માત્ર દલીલ કરવા માત્રથી તેઓની હકીકત માં તથ્ય હોવાનું માની શકાય તેમ નથી અને આ કામે કાયદા મુજબના ફરીયાદીએ તમામ પાસાઓ પુરવાર કરેલ હોય

ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબના અનુંમાનો ઉપસ્થીત થતા હોય તે અંગે વિરૂઘ્ધનો પુરાવો કે અનુંમાનોને ખંડીત કરતો પુરાવો આપવાનો બોજો આ કામના આરોપી પર છે જે માટે આરોપી તરફે આવો વિરૂઘ્ધનો પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલ નથી.વઘુમાં આ મુદા બાબતે ફરીયાદી તરફે રજુ કરેલ ચુકાદા પૈકી નામદાર સુપ્રિમકોર્ટ દવારા પણ(૨)Bir Singh vs. Mukesh Parmar (LAWS SC 2019-2-45) માં પેરાનં.૩૬ તથા ૩૭ માં જણાવેલ છે કે,નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ—૧૩૯ મુજબ ચેક કાયદેસરના લેણા કે જવાબદારી માટે જ મળેલ છે તેમ માની લેવા નું રહે છે તેનાથી વિરૂઘ્ધનો પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર રહે છે,આમ ઉપરોકત ચુકાદો ઘ્યાને લેતા હાલના કેસમાં પણ આરોપી દવારા આ ચેક ફરીયાદી પાસે કેવી રીતે આવેલ તેમજ આ ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ ના હોવાનો કોઈ વિરૂઘ્ધનો પુરાવો રજુ કરી શકેલ ના હોય માત્ર ઈન્કમટેક્ષના રેટર્ન રજુ કરેલ ના હોવાથી આરોપી તરફેની આરોપીની વિરૂઘ્ધમાં નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ—૧૧૮ કે કલમ—૧૩૯ મુજબનું અનુંમાન થઈ શકે નહી તેવી આરોપી તરફેની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.

(૧૬)આમ આ કામના ફરીયાદી ની ફરીયાદ મુજબ આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ—૧૩૮ મુજબ આ કામના આરોપી દવારા ફરીયાદીને તેઓના કાયદેસરના ઉછીના લીઘેલ નાણા ચુકવવા માટે ચેક આપેલ હોય જે ચેક નીયત સમયમાં વસુલાત માટે બેન્કમાં નાખતા અપુરતા ભંડોળના કારણોસર વણચુકવાયેલ પરત ફરેલ હોય અને જેથી ફરીયાદી એ સમયમાં આરોપીને ચેકની રકમ ચુકવી આપવા ડીમાન્ડ નોટીસ આપેલ હોય જે આરોપીને મળી ગયેલ છે તેમ છતા નોટીસ સમયમાં તેઓએ ચેકની રકમ નહી ચુકવીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ—૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું પુરવાર કરી શકેલ છે અને ઘી નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ—૧૧૮ તથા કલમ—૧૩૯ ના અનુમાન મુજબ તેમજ નામદાર સુપ્રિમકોર્ટ દવારા RANGAPPA VS.SRI MOHAN - 2010(0)AIJEL-SC 48349 ના કેસમા ઠરાવેલ સિઘ્ઘાંત મુજબ જયાં સુઘી આરોપી વિરૂઘ્ધનો પુરાવો ન આપે,અગર તો ફરિયાદીનો પુરાવો વિસ્વસનીય રીતે રિબટ ન થાય ત્યાં સુઘી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે તેવુ અનુંમાન થાય જયારે આ કેસમાં આરોપી દવારા ચેક ભાર્ગવભાઈને આપેલ હોવાનો બચાવ લીઘેલ છે જે બચાવ રેકર્ડ ઉપર લાવવા ભાર્ગવભાઈને તપાસેલ નથી તેમજ આરોપી દવારા જાતે તેઓની ચેકમાં સહી નહી હોવાનો પુરાવો આપેલ નથી અને ફરીયાદીના તેઓની રૂબરૂ આરોપી દવારા સહી કરીને ચેક આપેલ હોવાના પુરાવા ને ઉલટતપાસમાં પડકારેલ નથી તેમજ આ કામે રજુ થયેલ રીર્ટન

મેમોમાં પણ બેન્ક દવારા અપુરતું ભંડોળ હોવાનું જ કારણ દર્શાવેલ છે જેથી પુરાવા દરમિયાન લ ેવામા આવેલ ઈન્કાર અગર તો દલીલમાં લીધેલ કથન આરોપીનો ખંડનાત્મક પુરાવો ગણી શકાય નહી,વધુમા હાથ ઉપરના કેસમા આરોપી એ ફરિયાદીને કાયદાની કલમ-૧૩૮ અન્વયેની નોટિસનો જવાબ આપેલ નથી જેથી બચાવમા લીધેલ કથનો માત્ર પાછળ થી ઉભા કરેલા ઔપચારીક વિધાનો છે,હાલના કેસમાં આરોપીનો બચાવ એ ફકત કથનો છે તેને સુસંગત કોઈ પુરાવો કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને જે પુરાવો આપેલ છે તેના આધારે રજુ થયેલ ચેક આરોપીએ ફરીયાદીને તેઓના બાકી લેણા ચુકવવા માટે નહી આપેલ હોવાનું પુરવાર થતુ ના હોય અને સહી અંગેનો તથા ફરીયાદીની આર્થીક સક્ષમતા અંગેનો બચાવ પણ ગ્રાહય રાખવામાં આવેલ ના હોય ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ ગયેલ હોય આ કામના આરોપી વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર થતુ હોય ન્યાયના હિતમાં મુદ્દાનં.૧ નો નિર્ણય હકારમાં આપી મુદા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપી:વિનુભાઈ ઓધવજીભાઈ ભીંસરા રહે.ગુંદાળા,તા.ગઢડા,જી.બોટાદ હાલ રહે.એ.૨૦૧ માટુંગા ફ્લેટ,રઘુવીર સોસાયટી,બામરોલી ચોકડી,સુરત જી.સુરતને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૨૫૫(૨)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને તકસીરવાન ઠરાવેલ હોય તેઓની સામેનો કેસ વોરંટ ટ્રાયેબલ ના હોય કાયદા મુજબ આરોપીને સજા બાબત સાંભળવા જરૂરી નથી પરંતું કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ આરોપીને સાંભળવાની તક આપવામાં આવે તો ન્યાયનું હીત જળવાય તેમ હોય સજા અંગે સાંભળવા મુલતવી રાખવામાં આવેલ છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:-૧૬/૦૩/૨૦૨૬ ( હિતેશકુમાર અમરભાઈ મકા)
સ્થળ:-ગઢડા જયુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459

(૧૭)આ કામના આરોપીની સજા અંગે સાંભળવા કામ રાખવામાં આવેલ છે પરંતું આરોપી હાજર રહેલ ના હોય ફરીયાદી તથા આરોપીના વિ.વકીલશ્રીને સજા અંગે સાંભળેલ છે.

---

આ કામના આરોપીના વિઘ્વાન વકીલશ્રીને સાંભળ્યા જેમાં તેઓ દવારા આરોપીને ઓછી સજા કરવા અરજ કરેલ છે.

આ કામના ફરીયાદીના વકીલશ્રી દવારા રજુઆત કરેલ છે કે,આ કામના આરોપી દવારા ફરીયાદી સાથે આર્થીક ગુન્હો આચરેલ છે જે અદાલતમાં પુરવાર થયેલ છે તેમજ આજ રોજ પણ હાલનું કામે હુકમ માટે રાખવામાં આવેલહોય તેમ છતા ઈરાદાપુર્વક અદાલતમાં હાજર રહેલ નથી તેમજ હાલના સમયમાં આવા ગુન્હાનું પ્રમાણ જોતા સમાજમાં દાખલો બેસાડવા માટે વધુમાં વધું સજા કરવા અરજ કરેલ છે.

આ કામના આરોપી તરફેની રજુઆત ઘ્યાને લેતાં શિક્ષાની જે વિવિઘ વિચારસરણીઓ છે તેમાંની એક વિચારસરણીએ સુઘારાત્મક વિચારસરણી છે સુઘારાત્મક વિચારસરણીનો મુખ્ય હેતુ એ છે કે, ગુન્હેગારો જન્મથી જ ગુનેગાર હોતા નથી પરંતું ખાસ સંજોગો વ્યકિત ને ગુન્હો કરવા પ્રેરીત કરે છે તે સંજોગોમાં ઘણીવાર એવા હોય છે કે,સામાન્ય વ્યકિત તે સંજોગો ઉપર કાબુ મેળવી શકતી નથી અને ગુનો કરી બેસે છે પરંતુ વાસ્તવમાં તેવી વ્યકિતનો હકીકતમાં કોઈ ગુન્હો કરવાનો ઈરાદો કે હેતુ હોતો નથી પરંતું હાલના કેસની હકીકત જોતા આરોપીએ કોઈ આકસ્મીક સં જોગોમા ઉશ્કેરાટમાં ગુનો કરેલાનું જણાતુ નથી,કારણ કે હાલનો ગુન્હો આર્થીક ગુન્હો છે જેના કારણે ફરીયાદીને આર્થીક નુકસાન પણ ગયેલ છે અને આ ઉપરાતં પણ બીજા અન્ય ચેકની ફરીયાદ પણ થયેલ છે.વધુમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતા હોઈ આખરી હુકમ કરતાં પહેલાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અઘિનીયમની કલમ-૩૬૦ની જોગવાઈનો લાભ આપવા પાત્ર છે કે કેમ તે હકીકત ઘ્યાનમાં લેવી પડે અને આ કામના આરોપીએ આર્થિક ગુનો કરેલ છે અત્યારના પ્રવર્તમાન સમયમાં ઘંઘાને લગતા તમામ નાણાંકીય વ્યવહારો ચેક ઉપર આઘારીત છે મોટી રકમના નાણાંની લેવડ દેવડ ચેકથી થાય છે અને આ ચેક ચલણી નોટ જેવો ક્ષતિ રહીત હોવો જોઈએ એક વખત જો એક વ્યકિત બીજી વ્યકિત કે બેં કને ચેક આપે તો તે ચેકનું અવમુંલ્યન થવું જોઈએ નહી ચેક પરત ફરે તો તેનો અર્થ એવો થાય કે ચેકનું અવમુંલ્યન થયેલ છે અને તેની કોઈ કીંમત રહેલ નથી એટલા માટે જ ચેક પરત ફર્યાની ફરીયાદના આવા આર્થીક ગુન્હામાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અને ફોજદારી કાર્યરીતી અઘિનીયમની કલમ-૩૬૦ની જોગવાઈનો લાભ આપી શકાય નહી,આમ ઉપર મુજબ

તમામ હકીકત અને ચર્ચા જોતાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ તેમજ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૬૦ની જોગવાઈનો લાભ આપવાપાત્ર થતો નથી.વધુમાં આજ રઆ કેસ હુકમ માટે રાખવામાં આવેલ હોય તેમ છતા આરોપી હાજર રહેલ ના હોય હાલનો ચુકાદો તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાની અદાલતને ફરજ પડેલ હોય આરોપીની ઉમર,કાયદાની સજાની જોગવાઈ તથા ચેકની રકમ તથા આરોપીની ગેરહાજરી ઘ્યાનમાં લેતાં આરોપી ને કાયદા મુજબની યોગ્ય મહતમ સજા કરવી જરૂરી હોય તેમજ ફરીયાદીને થયેલ નુકસાનની તમામ હકીકતો અને ચર્ચા લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપી:વિનુભાઈ ઓધવજીભાઈ ભીંસરા રહે.ગુંદાળા, તા.ગઢડા,જી.બોટાદ હાલ રહે.એ.૨૦૧ માટુગફ્લેટ,રઘુવીર સોસાયટી,બામરોલી ચોકડી,સુરત જી.સુરત ને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૫૫(૨)હેઠળ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૨(બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૩૫૭ મુજબ ચેકની રકમ રૂા.૨,૦૦,૦૦૦/–ફરીયાદીને દીન–૩૦ માં વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી આ રકમ નિયત સમયમાં ચુકવામાં નિષ્ફળ જાય તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જો કાચા કામના કેદી તરીકે સજા ભોગવેલ હોય તો સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીના જામીન ખત રદ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી તેઓને અગાઉ મુદત આપવા છતા હાજર ના હોય હાલનો ચુકાદો તેઓની ગેરાહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોય આરોપી ને તેઓને કરવામાં આવેલી સજા ભોગવવા માટે તેઓની સામે નોન બેલેબલ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ:–૧૬/૦૩/૨૦૨૬
સ્થળ:–ગઢડા

( હિતેશકુમાર અમરભાઈ મકા)
જ્યુડી.મેજી. ફ.ક.ગઢડા
Judge Code No-GJO1459